R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 8
November - 2013

## હાસ્યની વિભાવના

હાસ્ય નામનો એક એવો ધર્મ છે જે ગામથી શહેર સુધી, દેશ થી પરદેશ સુધી, બાળક થી વૃદ્ધ સુધી સર્વત્ર ફેલાયેલો છે. હાસ્ય હિંદુ કે મુસ્લમ ન હોઈ શકે. હાસ્ય નિખાલસ કે ડંખીલું જરૂર હોઈ શકે.

બીજાના ચહેરા પર સ્મિત લાવી શકે એ જિંદગી ધાર્મિક છે. હસી ન શકે એવો માણસ કાંતો બોજથી લદાયેલો હોય અથવા એની વિચારસરણીમા ખોડ હોય. દર્દની તીવ્રતા ઘટાડવાનો લાજવાબ ઈલાજ હાસ્ય છે.

જાત પર હસનાર વિરલ હોય છે. અહંકાર ઓછો હોય એવા હોઠ પર સ્મિતનું લીંપણ થાય એમા સમજ પણ ઘોળાતી આવે અને સ્વીકાર પણ સમાતો આવે.

હસવું મર્યાદા ઓળંગે ત્યારે હાંસી બને. મસ્તીનું રૂપાંતર મસ્તીખોરમાં થાય ત્યારે સાવધ થવું પડે. કોઈની માનહાનિ કરીને નિષ્પન્ન થતી રમૂજ અક્ષમ્ય છે. તમારા કંટાળાને ટાળવા માટે કોઈને ઉતારી પાડવાની વૃત્તિ ખાલીપાની સૂચક છે. પ્રત્યેક જીવને પોતાનું માન, સન્માન હોય છે. પાર્ટીઓમાં મસ્તી કરવાના પ્રસંગો વધારે બને છે. ભેગા થયા છે એટલે કંઈક થવું જ જોઈએ, કશુક બનવું જ જોઈએ એવી માન્યતા સાર્થક કરવા થતી હંસીમજાક ઝઘડાનું રૂપ ધારણ કરી શકે. મજાક જ્યારે ઉપહાસ બને ત્યારે મૈત્રીને ઉઝરડા પાડતી જાય. મજાક જ્યારે અપમાન બને ત્યારે સબંધમાં તિરાડ પડતી જાય. આપણે ત્યાં એક ઉક્તિ છે. ‘કજિયાનું મૂળ હાંસી અને રોગનું મૂળ ખાંસી’ રાજકારણીઓ એકબીજાની હાંસી ન ઉડાવે ત્યાં સુધી એમને કોળિયો ગળે ન ઉતરે.

હાંસી ઉડાડવી એ દેશનો ધર્મ બની ચૂક્યો છે. ગુનેગાર કાયદાની હાંસી ઉડાવે છે. છાશવારે થતા બળાત્કારો સ્ત્રી શક્તિની હાંસી ઉડાવે છે. કૌભાંડકારીઓ રૂપિયાની હાંસી ઉડાવે છે. પાંગળુ નેતૃત્વ અમૂલ્ય આઝાદીની હાંસી ઉડાવે છે. આપણે પર્યાવરણની હાંસી ઉડાવીએ છીએ. ભવ્યમાલેતુજાર મંદિરો આસ્થાની હાંસી ઉડાવે છે. સ્મિતની કોઈ કિંમત ચૂકવવી પડતી નથી. પરંતુ તે ઘણુ બધું મેળવી આપે છે. સ્મિત આપનારને ગરીબ બનાવ્યા વગર મેળવનાર શ્રીમંત બની જાય છે...

– **સંકલન**

2nd Cover Page



# SHREE BALASINOR NAVYUVAK SANGH

Circular No. 3/2013 7th August 2013

## APPEAL

### SIX DONORS OF ₹25 LAKHS FOR SIX UNITS



2 YEAR PROJECT

**PRESIDENT**
Kalpesh S. Dharia
(Balbal)
M : 9820183907

**HON. SECRETARY**
Bhavesh B. Mody
M : 8879422304

It gives us immense pleasure to acknowledge the donor for Rs 1 crore who responded spontaneously to our appeal made in July, 2013 edition of Jyoti Punj for acquiring a community hall for Balasinorians in the city of Mumbai..

The path has been made easy but the goal is yet to be reached. In order to achieve the goal of acquiring a community hall and as per our last circular regarding various other schemes for the balance fund of Rs. 2.75 crore.

**We propose the following:**

**A scheme of inviting donations in multiples of Rs 25 lakhs i.e six units of Rs. 25 lakh each. Each donor will be honored with a name embossed along with the photo as per donor's wish, which is to be framed in the community hall for the patrons to offer their heartfelt gratitude.**

*'We only have what we give.'*

It is just a beginning and we expect all of us to join this important cause by contributing generously.

**For any information contact following persons:**

RAJNIKANT K. KADAKIA
(DHARIWALA)
M:+91 9820616469

Pravinchandra K.Shah
(P.K.)
M:+91 9821575238

DAXESH B. KADAKIA
(LATKARI) HON. MEMBER
M: +91 9833176158

KALPESH S. DHARIA
(BALBAL)-PRESIDENT
M:+91 9820183907

SAUMIL J. MODY
VICE-PRSIDENT
M:+91 9920213426

BHAVESH B. MODY
HON. SECRETARY
M: +91 8879422304

JASMIN B. SHETH
JT. SECRETARY
M:+91 9820830060

NILESH N. SHAH
JT. SECRETARY
M:+91 8082432301

NIKESH J. GANDHI
TREASURER
M: +91 9820496534

YOGESH R. DHARIA
HON. MEMBER
M:+91 9821544950

RAJENDRA K. DESAI
HON. MEMBER
M:+91 9820080194

VRAJESH N. DESAI
HON. MEMBER
M: +91 9820039304

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૭ | ૦૮ | ૨૧-૧૧-૨૦૧૩ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી
જીગર કડકીઆ / બંકિમ પરીખ

પત્રવ્યવહારનું સરનામું
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

**નવા વર્ષના પ્રથમ પ્રભાતે ....**

## ગોકુળના પેંડાની મીઠાશ સર્વત્ર વ્યાપી ગઈ છે !!!

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

**સાગર હસી પડયો ને તરંગો હસી પડયા,**
**પૂનમની ચાંદનીના ઉમંગો હસી પડયા,**
**નાચી ઊઠી સુગંધ ને ઝૂમી ઊઠયો પવન,**
**તમને નિહાળી ફૂલનાં રંગો હસી પડયા.**

વહેલી સવારે હું હોટલના રૂમની બાલ્કનીમાં બહાર આવ્યો છું. અહો અદ્‌ભૂત! કેવું અલૌકિક દશ્ય! પ્રકૃતિએ જાણે ઠાંસી ઠાંસીને ભરેલું સૌંદર્ય અને હું મંત્રમુગ્ધ બનીને આશ્ચર્યચકિત ભાવે તેનું દર્શન કરી રહ્યો છું. નૈનિતાલ ના નૈના ઝીલની બરાબર સામે મધ્યમાં અમારી હોટલ હતી અને હું વહેલી સવારે બહાર બાલ્કનીમાં આવ્યો છું. શાંત નયનરમ્ય નૈનાઝીલની પાછળ હારબંધ ફરના વૃક્ષો લદાયેલા હતા. પાછળ શોભતાં પર્વતમાળાના શિખર ચમકી રહ્યા હતા. આકાશ જાણે ચૂમવા મથતું હોય તેમ ઝીલ પર ઝળુંબી રહ્યું હતું. નૈનાઝીલના શાંત જળમાં એક સાથે ૩૫-૪૦ સફેદ હંસ મંદગતિએ વિહરી રહ્યા હતા. કોઈ સિદ્ધહસ્ત કલાકારે બનાવેલું ગ્રીટીંગ કાર્ડ જાણે કુદરત જાતે હાથોહાથ મને આપી રહયું હોય તેવા મનોભાવ થવા લાગ્યા. મારી જીંદગીની આ સુંદર સવાર મારા માટે હંમેશા યાદગાર બની ગઈ. ખજીયારમાં આવેલો મોટો ગોળાકાર બાગ અને વર્તુળાકારે ગોઠવાયેલા પાઈનના વૃક્ષો, ડેલહાઉસીના રમણીય પર્વતીય ઘરો, મનાલી, પટનીટોપ, ઊટી અને કોડાઈકેનલનું પ્રાકૃતિક સૌંદર્ય, ત્રિવેન્દ્રમનો ભૂરાશપડતો દરિયો અને રમણીય બીચ, વૃંદાવન ગાર્ડન, મૈસુરના પેલેસ ના લાઈટના શોની નઝાકત, ચારધામની અલગ અલગ નદીઓની મસ્તી, હરિદ્વાર ને મથુરાની સંધ્યા આરતી, મથુરા થી ગોકુળ

તરફ નો રાજમાર્ગ કંઈ કેટલાય અવર્ણનીય પ્રાકૃતિક, ઐતિહાસિક સ્થળો, ધાર્મિક પ્રણાલીઓ ભારતભૂમિને ખોળે સમાયેલા છે. પ્રકૃતિનું નિકટ દર્શન તેનું સાનિધ્ય એ ઈશ્વરનો આવિષ્કાર છે.

**ઘનશ્યામ સુંદરા શ્રીધરા અરુણોદય ઝાલા**
**ખંડખંડમાં અખંડ અવતરે અજવાળાં અજવાળાં**
**રંગસુગંધના તરંગ ઉછળે**
**કિરણોનો કલશોર**
**માખણ જેવો સાવ મુલાયમ**
**સવારનો આ પ્હોર**
**અખિલ વિલાસી ઈશ્વર તારી અકળિત માયા,**
**સ્વયંપ્રકાશિત તું સૂરજ ને અમે છીએ પડછાયા,**
**તું છે કોઈ વિરાટ હિમાલય**
**અમે અલક મલકનાં ઝરણાં**
**તારી પૃથ્વીમાંથી પ્રકટયાં**
**અમે લીલાંછમ તરણાં**

**- કવિ શ્રી સુરેશ દલાલ**

નવી પ્રેરણાદાયક ઉચ્છ્વાસભર સવાર નવો ઉત્સાહ, નવો રોમાંચ, નવી આશા અને નવી તક લઈને ઉગે છે. નવું ! નવું નકોર ! આ શબ્દ સાંભળતા જ આપણાં રોમ રોમ પુલકિત થઈ ઉઠે છે. નવું વર્ષ, નવો દિવસ, નવું પ્રભાત, નવી તક, નવા સંજોગો, નવા કપડાં, નવી વસ્તુઓ, બધું જ નવું. કુદરતને પણ ક્યાં કશું જૂનું ગમે છે ? જુઓને, કુદરત તરફથી શ્વાસ પણ નવા જ મળે છે ને. કુદરતના પોતાના રૂપ રંગ પળે પળે બદલાય છે. એક જ વૃક્ષના દરેક પર્ણ નવા અને એક બીજાથી અલગ. દરેક મનુષ્ય એક બીજાથી અલગ, ચહેરા, અવાજ, ચાલ અને ફિંગર પ્રિન્ટ અલગ. એક જ માતા અથવા પત્નીના હાથે બનતી બધી રોટલી પણ અલગ, કોઈ એક સરખી નહીં ! કોઈ એ સાચું જ કહયું છે.

નવીનતા ને ન ઠુકરાવો, નવીનતા પ્રાણપોષક છે.

એમ કહેવાય છે કે વનવાસથી રામ પાછા ફર્યા બાદ દિવાળીની શરૂઆત થઈ હતી. જે દિવસે રામનો રાજ્યાભિષેક થયો તે દિવસે દિવાળી હતી. સર્વત્ર રામરાજ્ય સ્થપાયું. સર્વને પ્રેમ, સર્વને આનંદ સર્વ ને ન્યાય. રાજા પર સંપૂર્ણ વિશ્વાસ એ જ પ્રજાજનોના શ્વાસ. આપણા પરિવારે આપણા પર સંપૂર્ણ ભરોસો રાખ્યો હોય છે માટે જ નવા વર્ષથી આપણા સંકલ્પ સાથે એ વિશ્વાસ પણ કાયમ કરીએ કે મારા પરિવારને હું સંપૂર્ણ વફાદાર રહીશ. સર્વને પ્રેમ, આનંદ, ન્યાય અને આદર આપતો રહીશ, ગોકુળના પેંડાની મિઠાશ ને સાર્થક કરીશ.

## શુભેચ્છા

શુભેચ્છા મળે એવી દરેકની અભિલાષા હોય છે. શુભેચ્છાની ખૂબ મોટી અસર જીવન પર, સંબંધ, વ્યવહાર પર, શરીર અને મન પર થતી હોય છે. શુભેચ્છા આપનાર સહૃદયપૂર્વક, ઋજુભાવે, લાગણીભીના સ્વરે શુભેચ્છા પાઠવીને આનંદ, સંતોષ, સંબંધોની ગહનતા અનુભવતો હોય છે. શુભેચ્છા પ્રાપ્ત કરનારનો પરિતાપ, આંતરિક કલેશ દૂર થઈ પરમ ઐકયનો અહેસાસ, પ્રેમનો પમરાટ અને સામેવાળાના હૃદયની વિશાળતા પામતો હોય છે. તમારું સર્વપ્રકારે કલ્યાણ થાય, દેશ-વિદેશમાં ધંધાનો વિકાસ થાય, નવું ઘર થાય, સંતાન થાય, જીવનમાં યશ-કિર્તી મળે, સર્વ કાર્યો સફળ થાય આવી અનેક શુભેચ્છાઓ આપણે એકબીજાને આપીએ છીએ. શુભેચ્છા અનેક પ્રકારે અપાતી હોય છે. ગ્રિટીંગ કાર્ડ, ફોન, ઈમેલ, ફેસબુક, ટવીટર, વોટ્સઅપ દ્વારા ભેટ, ફ્લાવરબુકે, મિઠાઈ, ચોકલેટ્સની આપલે દ્વારા શુભેચ્છા અપાતી હોય છે. નમસ્કાર કરીને, હસ્તધૂનન દ્વારા ગળે લગાડીને (ભેટીને) થોડા ઝૂકીને, વાંકા વળીને, પીઠ પર ધબ્બો મારીને, સાષ્ટાંગ દંડવત્ કરીને, માથે હાથ મૂકીને, પ્રાર્થના, દુઆ, આશિર્વાદ, તથાસ્તુ કહીને. ઉમરા પર રચાતા સાથિયા અને બીજા પ્રતિકો આવકારના શુભ-ચિન્હો છે. ઠાકોરજીની કૃપા નિત્ય રહે, કુટુંબની પ્રગતિ-સુખાકારી બની રહે તેવી આંતરિક ઈચ્છા હોય છે. દિવાળી, દેવ-દિવાળી જેવો મંગલદિપ આપણા પોતાની અંદર પ્રગટાવીએ, અંદર અને બહાર સર્વત્ર કલ્યાણકારી શુભેચ્છાનો પ્રકાશપુંજ ફેલાવીએ.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૫મી બેઠક તા. ૨૩-૧૦-૨૦૧૩ ના રોજ બુધવારે સાંજે ૬.૪૫ કલાકે પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જસ્મીન શેઠે ગત મીટીંગના અહેવાલનું વાંચન કર્યુ હતુ. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ક્રિકેટ એકટીવીટીના સંયોજકે બી.પી.એલ ટુર્નામેન્ટ કરવા માટે સુચનો આપેલા અને સહુને સાથ સહકાર આપવા માટે કહયું હતું.

શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી સમીર ગાંધીએ એમના સુચનો રજુ કર્યા હતા. અને ૧૪-૧૧-૨૦૧૩ના રોજ બોરિવલી ખાતે એમ.કે.હાઈસ્કૂલમાં રીર્હસલ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

શ્રીમતી શાંતાબેન લાલચંદ દોશી પુરસ્કૃત મહિલા વિભાગના સંયોજક શ્રીમતી પ્રતિમા કીરીટ ધારીઆએ એમના બીજા અને ત્રીજા પ્રોગ્રામના હિસાબ રજુ કર્યા હતા તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. વધુમા તેમને સ્નેહ સંમેલન તા. ૧૨-૧૧-૨૦૧૩ના રોજ તેજપાલ ઓડીટોરીયમ ખાતે રહેશે તેની કારોબારીને જાણ કરી હતી.

ગીરીપુજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પુમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના ના સંયોજક અનઉપસ્થિત હોવાથી તેમનો અહેવાલ શ્રી અજય દોશીએ રજુ કર્યો હતો. તેમને જણાવ્યું હતું કે આ વખતે વધુ અરજીઓ આવવાથી બજેટમાં વધારો કરવાનું સુચન કર્યુ હતુ. ચર્ચા વિચારણા કર્યા બાદ કુલ ૫૦૪૦૦/-નું બજેટ વધારવાનુ નક્કી કર્યું હતું.

કુલ ૩ લીવની અરજી અને ૩ નવી લાઈફ મેમ્બરશીપની અરજીઓ આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## દાંડીયા રાસનો અહેવાલ

ઓક્ટોબર મહિનાની ૨૬મી તારીખે હિંદી વિદ્યા ભવન હોલમાં નવલા નોરતાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વડીલો તથા બાળકો સાથે ૫૫૦ થી ૬૫૦ બહેનો આવી હતી. આમાં આપણને શ્રીમતી અનુપા પરેશ કડકીઆ તરફથી રૂા. ૨૫૦૦૦/- નું માતબર ડોનેશન પ્રાપ્ત થયું હતું. અને બીજા ડોનર હતા શ્રીમતી હસમુખબેન રસિકલાલ ગાંધી હસ્તે પૂર્ણિમા નિતીન ગાંધી જેમના તરફથી સંસ્થાને રૂા. ૧૫૦૦૦/- પ્રાપ્ત થયા હતા. આ પ્રોગ્રામમાં Microvent નાં ત્રણ ડબ્બાની લ્હાણી આપવામાં આવી હતી. જેનો લાભ બહેનોએ લીધો હતો.

Dream Event Orchestra ના તાલે બહેનોને ગરબે ઘુમવાની મઝા આવી હતી. છેલ્લે બહેનોને નાસ્તો આપવામાં આવ્યો હતો. જજ તરીકેની કપરી કામગીરી મયુરીબેન અને યક્ષાબેને બજાવી હતી. દરેક ગ્રુપમાં Best Performance તથા Best Dress નાં પ્રાઈસ આપવામાં આવ્યા હતા. Best Performance ના Prize શ્રીમતી શામિષ્ઠા હર્ષદ ગાંધી તરફથી Common round માં આપવામાં આવેલા. શ્રીમતી પન્નાબેન પરેશ કડકીઆ તરફથી એક Prize હિયા કડકીઆને આપવામાં આવ્યું હતું.

| Group Best Dress | Best Performance |
|---|---|
| **Year 1 to 5** | |
| 1. Khush Desai | |
| 2. Darsh Shah | |
| 3. Hiya Kadakia | |
| **year 6 to 15** | |
| 1. Kashish Parikh | 1. Charmi Kadakia |
| 2. Dweep Kadakia | 2. Sachi Desai |

| Best Dress | Best Performance |
|---|---|
| **Year 16 to 25** | |
| 1. Pooja Parikh | 1. Komal Shah |
| 2. Prachi Mody | 2. Koral Shah |
| **Year 26 to 40** | |
| 1. Khyati Mody | 1. Jigne Mehta |
| 2. Payal Gandhi | 2. Rachna Parikh |
| **Year 41 to 55** | |
| 1. Hansa Parikh | 1. Dimple Kadakia |
| 2. Rupal Kadakia | 2. Priti Dharia |
| **Year 55 & above** | |
| 1. Rekha Desai | 1. Dipti Parikh |
| 2. Pallavi Doshi | 2. Aruna Shah |

**Common Round : Performance**

1. Miloni Parikh
2. Shimoni Kadakia
3. Sejal Gandhi
4. Sehal Shah
5. Bhavna Gandhi

આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વે કમિટિ બહેનોનો ખૂબ આભાર માનુ છું. સર્વે વૈષ્ણવોને નવા વર્ષના સાલમુબારક તથા હાર્દિક શુભેચ્છા.

સંયોજક : પ્રતિમા કિરીટ ધારીઆ.

મોબાઈલ : ૯૮૨૦૧૫૨૬૪૪

::::

## આગામી કાર્યક્રમ

એક દિવસીય પિકનીકનું આયોજન તા. ૮-૧-૨૦૧૪ને બુધવારે કરવામાં આવ્યું છે. સ્થળ સમય અને રૂપિયા નક્કી થયે સાંસ્કૃતિકના પ્રોગ્રામમાં અથવા કમિટિ બહેનો દ્વારા જણાવવામાં આવશે. પિકનિકમાં આવવા ઈચ્છતિ બહેનો પોતાના નામ કમિટિ બહેનોને લખાવશો.

**સંયોજક : પ્રતિમા કિરીટ ધારીઆ : ૯૮૨૦૧૫૨૬૪૪**

શ્રી બા.ન.સંઘ સંચાલિત

## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ
## સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન પુષ્પાબેન નવીનચંદ્ર પરીખ (બખલી)



**પુષ્પાબેન પરીખ**

બાલાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના વૈષ્ણવ પિતાશ્રી લક્ષ્મીદાસ છોટાલાલ મોદી તથા માતુશ્રી કમળાબેનના ઘરે મુંબઈ મુકામે પુષ્પાબેનનો જન્મ થયો હતો. એમણે ભવન્સ કોલેજ મુંબઈમાંથી B.A. ની પદવી હાંસલ કરી હતી.

પુષ્પાબેન ૧૯૬૨માં જીવકોરબેન ચીમનલાલ પરીખના સુપુત્ર નવીનચંદ્ર જે લંડનમાંથી B.E. થયેલા હતા, તેમની સાથે લગ્ન ગ્રંથિથી જોડાયા હતા.

હાલમાં તેઓને બે પુત્ર સુકેતુ એન્જીનીયર છે. તેમજ સંદિપ અમેરિકામાંથી M.S. થયેલા છે. તથા પુત્રી પારુલ સંજીવ ધારીઆ B.A. થયેલ છે. પુત્રવધુ લીના અને શીતલ છે. સુકેતુભાઈને એક પુત્રી તેમજ સંદિપભાઈને એક પુત્રી છે. પારુલબેનને એક પુત્ર છે. સૌ છોકરાઓએ પોત પોતાના ક્ષેત્રમાં આગવું સ્થાન મેળવેલ છે.

પુષ્પાબેનના જીવનનું ધ્યેય સંગીતનો શોખ જેના કારણે સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત તેમજ કીર્તન કલાસ કરીને વ્યસ્ત જીવન ગાળે છે.

વાડાસિનોર નામ પ્રમાણે વાડામાં રહીને કાર્યકરો જ કાર્ય કરે છે તેનાથી ભવિષ્યની પ્રજાને કાર્ય કરવાની શક્તિ ભગવાન આપે તે જ અભ્યર્થના. આવા ઉદાર દિલ દાતા માટે સમાજ એમનો તથા એમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## બાલાસિનોરના દસાનીમા વૈષ્ણવો જોગ

**આમંત્રણ**

પ્રતિ વર્ષ મુજબ ચાલુ વરસે શ્રી મહાઓચ્છવનું તથા મનોરથનું આયોજન સમાજના નેજા હેઠળ ઉજવવાનુ નક્કી કર્યું છે.

તા. ૯-૧૨-૨૦૧૩ને સોમવાર, માગસર સુદ ૭ના રોજ શ્રી મહાઓચ્છવ ધૂમ ધામથી ઉજવાશે.

ચાલુ વર્ષના શ્રી મહાઓચ્છવના મનોરથી બનવાનું સદ્‌ભાગ્ય 'શ્રી સત્સંગ મંડળ' અમૃતવાડીને મળ્યું છે.

તા. ૯-૧૨-૧૩ને સોમવારે બપોરે ૩.૩૦ કલાકે અમૃતવાડીમાં સમાજ બેસસે અને ધોળ કીર્તનની રમઝટ બોલાવશે.

સાંજે ૬.૦૦ કલાકે અમૃત વાડીમાંથી કળશની શોભાયાત્રા નીકળી લાડની વાડીમાં જશે.

સાંજે ૭.૩૦ કલાકે બાલાસિનોરના સમસ્ત દશાનીમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર લાડની વાડીમાં મહાપ્રસાદ લેવા અમારૂં આમંત્રણ છે.

તો દરેક પ્રસંગે આપ સર્વે હાજર રહી પ્રસંગને દિપાવશો.

**લી. મંજુલ શૈલેષ ધારીઆ.**
**મંત્રીના જે જે શ્રી ગોકુલેશ**

### શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી બાલાસિનોર મુકામે ફાગણ સુદ. ૯ના તા. ૧૦-૩-૨૦૧૪ સોમવારના રોજ શ્રી ફગવા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અલૌકિક પ્રસંગના મનોરથી નવનીતલાલ મણીલાલ શાહ (ઝાટ) છે. તેમના તરફથી આ પ્રસંગે બાલાસિનોરના સહુ વૈષ્ણવોને બાલાસિનોર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આ અંગેની વધુ વિગત જ્યોતિપુંજના પછીના અંકમાં આપવામાં આવશે.

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ – બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) તારીખ : ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ રવિવારના રોજ કે.સી.કોલેજ, ખાતે આયોજિત કરવામાં આવી હતી.

સંસ્થાઓનાં નેજા હેઠળ જે ભંડોળનો વહીવટ કરવામાં આવે છે તેની ૩૧-૩-૨૦૧૩ના વર્ષાંતે નાણાંકીય સ્થિતી અને શૈક્ષણિક સહાયની રકમ આ પ્રમાણે છે.

| | | ભંડોળ |
|---|---|---|
| ૧. | શ્રી વાડાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ | ૮૯,૭૮,૫૮૪ |
| ૨. | બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ | ૧,૪૦,૯૫,૫૨૭ |
| ૩. | લટકારી ફાઉન્ડેશન ટ્રસ્ટ | ૭,૭૮,૮૭૯ |
| | કુલ ભંડોળ રૂા. | ૨,૩૮,૫૨,૯૯૦ |
| | કુલ રોકાણ (ઈનવેસ્ટમેન્ટ) રૂા. | ૨,૨૧,૫૪,૧૨૪ |
| | કુલ ૧૧૪ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય રૂા. | ૧૯,૨૮,૮૦૦ |

વિવિધ અભ્યાસક્રમોનાં સફળ વિદ્યાર્થીમિત્રોને શૈક્ષણિક પારિતોષિક રૂપે કુલ રૂા. ૨૫,૪૦૦ નું વિતરણ કાર્યક્રમનાં અંતમાં કરવામાં આવ્યું હતું.

દર વર્ષે AGM સાથે દાતાઓનું સન્માન તેમજ શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પ્રાયોજીત ટેલન્ટ એપ્રીશીએશન યોજનાને સાંકળી લેવામાં આવે છે.

દાતાઓની હાજરી અને તેમનું ગૌરવ તેમજ અગ્રણીઓ અને આમંત્રિતોની ઉપસ્થિતિ, મંડળ અને ટ્રસ્ટની કાર્યશૈલી અને ધ્યેયને સમાજનાં દરેક વર્ગને પહોંચાડવામાં મદદરૂપ બને એ હેતુસર દાતાઓનું સન્માન પણ AGM સાથે સાંકળી લેવામાં આવે છે.

**તેનાં ફળ સ્વરૂપ સહુ પ્રથમ સંસ્થાના સન્માનીય ભૂતપૂર્વ વિદ્યાર્થી દાતાઓ**

૧. શ્રી કુણાલ સુનીલ કાંતિલાલ પરીખ (મોટા)

૨. શ્રી સમીર ભરતભાઈ કીર્તનલાલ પરીખ

૩. શ્રી મયુર નવનીતલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા)નું પ્રશસ્તિપત્ર દ્વારા સન્માન આયોજાયું હતું.

**ત્યાર બાદ એક લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર સન્માનીય ઉદાર દિલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.**

૧. શ્રીમતી લીલાબહેન શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)

૨. શ્રીમતી નિશા જતીન નવનીતલાલ દેસાઈ

૩. શ્રી દિલીપ પુનમચંદ શાહ (વાઘકડકીઆ)

૪. શ્રી જયંતીલાલ ચંદુલાલ કડકીઆ (મરઘા)

૫. શ્રી કિર્તી મણીલાલ લાકડાવાળા

૬. શ્રીમતી શિલ્પા અક્ષય બાબુલાલ શાહ (વસનજી)

૭. શ્રી મયુર નવનીતલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા)

ઉપસ્થિત દાતાઓનું શાલ, મેમેન્ટો તેમજ પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ અનુપસ્થિત દાતાઓનો નામોલ્લેખ અને સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો હતો.

સંસ્થાની આગવી ઓળખ સમાં સીમાચિન્હરૂપ શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદરા) પ્રાયોજીત 'ટેલેન્ટ એપ્રીશીએશન યોજના'ના ઉપક્રમે આપણાં શિક્ષણેતર અને વ્યવસાયેતર ક્ષેત્રે સિધ્ધિ મેળવનાર છોટે ઉત્સાદો અને અગ્રગણ્ય વિભૂતીઓનું જાહેર સન્માન કરી ભણતર ઉપરાંત ગણતરનું પણ ગૌરવ કરવામાં આવ્યું. આપણાં સમાજનાં પરખાયેલા અને વણપરખાયેલા નામી અનામી વિવિધ ટેલેન્ટસ અને વ્યક્તિ વિશેષો ને આમંત્રી, જાહેર મંચ પરથી તેમની ઉપલબ્ધિઓને બિરદાવાઈ અને વાડસોલ ગૌરવનાં બિરૂદથી વિભુષિત કરી આ વિભૂતિઓને સમાજમા આગવી ઓળખ આપવામાં આવી.

**આ વર્ષના વાડસોલ ગૌરવ બિરૂદનાં સન્માનીય વ્યક્તિ વિશેષો અને ઉપલબ્ધિકારો**

| | | |
|---|---|---|
| ૧. શ્રી નિખીલ પ્રવીણચંદ્ર દેસાઈ (દેડકી) | - | **Motivator Par Excellence** |
| ૨. શ્રી નિખીલ બાબુલાલ પરીખ (લાય) | - | ખ્યાતનામ તંત્રી - (જ્યોતિ પુંજ) |
| ૩. ડૉ. રૂપલ સમીર શાહ | - | નારી ગૌરવ **(Eminence in Ophthalomlogy)** |
| ૪. શ્રીમતી કોકીલાબેન હીરાલાલ પરીખ (ડાબલી) | - | નારી ગૌરવ |
| ૫. અદિતી હિતેશ શાહ (ડામરવાલા) | - | નારી ગૌરવ (આંતરરાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા) |
| ૬. સ્મીત નિલેશ ધારીઆ | - | શાસ્ત્રીય સંગીત |
| ૭. રેયાંશ અમીત શાહ | - | માર્શલ આર્ટ્સ (જ્યુ-જીત્સુ) |
| ૮. અરમાન ભદ્રેશ શેઠ | - | આંતરરાષ્ટ્રીય રોબોટીક્સ સ્પર્ધા વિજેતા |

વાડસોલ ગૌરવ બિરૂદ થી સન્માનિત દરેક વ્યક્તિ-વિશેષોએ સમાજ પ્રત્યે આભારની લાગણી તો વ્યક્ત કરી જ સાથે સાથે આગવો પ્રતિભાવ પણ આપ્યો. ડૉ. રૂપલ સમીર શાહે આયોજનની પ્રશંસા કરી તો શ્રી નિખીલ પ્રવીણચંદ્ર દેસાઈએ અંગ્રેજીમાં પોતાનાં છટાદાર વક્તવ્યથી, તેમનાં કાર્યને અનુરૂપ **NEW START** શબ્દનાં પ્રથમ અક્ષરોથી આઠ જીવનોપયોગી મંત્રો સુચવ્યાં. ૨૫ વર્ષ જ્યોતિપુંજના તંત્રીપદને શોભાવનાર શ્રી નિખીલ બાબુલાલ પરીખ (લાય) લાગણીભીના શબ્દોથી આ હોદા પરથી અંગત રીતે એમને જેજે ઉપલબ્દિઓ સાપંડી, પોતાનાં મા-બાપ અને કુટુંબનું જે યોગદાન તેમાં મળ્યું તેમજ સમાજનો અનહદ પ્રેમ પામ્યાં તેનો ઋણ સ્વીકાર કર્યો.

**''વાડસોલ કર્મવીર''**

આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા શ્રી મોહનલાલ ચુનીલાલ

પરીખ (લાય)ની સેવાઓને વાડસોલ કર્મવીર સન્માન થી પ્રમુખશ્રી રસિકલાલ લાકડાવાળાનાં હસ્તે ગૌરવાન્વિત કરવામાં આવ્યા. શ્રી નિખીલ પરીખે મુરબ્બી મોહનકાકાનો કાર્યકાળ અને તેમની સિદ્ધિઓ ને પ્રકાશમાં આણી.

શ્રી મોહનલાલ ચુનીલાલ પરીખે પણ પ્રસંગોચિત અભિભાવના વ્યક્ત કરી, સમાજ પ્રત્યે આભારની લાગણી દર્શાવી. આ પ્રસંગે શ્રી મોહનકાક એ મંડળને રૂા. ૧,૫૧,૦૦૦ (રૂા. એક લાખ એકાવન હજાર)નાં દાનવચનની જાહેરાત કરી.

સભાને પોતાના ઉદ્‌બોધન દ્વારા પ્રમુખ શ્રી રસિકલાલ લાકડાવાળાએ બંને સંસ્થાઓની કામગીરીનો આછો ચિતાર રજુ કર્યો. દરિયા દિલ દાતાઓની સરાહના કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે સમાજનો કોઈ પણ વિદ્યાર્થી ક્યારેય પૈસાના અભાવે વિદ્યાર્થી વંચિત નહીં રહે. સમાજનાં પરખાયેલા અને વણપરખાયેલા આપણા નામી અનામી હીરલાઓ કે જેઓને હવે 'વાડસોલ ગૌરવ'ની ઓળખ મળી છે. તેમની ઉપલબ્ધિઓને બિદરાવતા કહયું કે, તેમની સિદ્ધિનો તેજ લીસોટો સમાજ ના દરેક સભ્ય માટે પ્રેરક બની રહેશે. સહાય લેનાર વિદ્યાર્થીઓને સંબોધતા આશા વ્યક્ત કરી કે તેઓ પણ આવતી કાલના દાતા બને તો આપણી વ્યવસ્થા કાયમી ધોરણે કાર્યરત અને સ્વનિર્ભર બની રહે.

આ આયોજનમાં શ્રી ચેતન મોદી (બંગડી) એ વ્યક્તિ-વિશેષોની સિદ્ધિઓ સમાજ સમક્ષ રજુ કરવાની મુખ્ય ભુમિકા નિભાવી. ઉપરાંત પ્રશસ્તિપત્રો અને સન્માનપત્રોને તેમજ સંપૂર્ણ કાર્યક્રમને, સંયોજક તરીકે યથોચિત આકાર આપ્યો.

**(માનદ્ મંત્રીઓ) : મંજુલ શૈલેષ ધારીઆ**
**જસ્મીન બિપીન શેઠ**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## ૮૯મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બાદ મંડળની પ્રથમ કારોબારીમાં

## નીચે મુજબ હોદેદારોની નિમણુંક કરવામાં આવી હતી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા | પ્રમુખ |
| ૨. | શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) | ઉપપ્રમુખ |
| ૩. | શ્રી કિરિટ રમણલાલ કડકીઆ (મલમ) | ઉપપ્રમુખ |
| ૪. | શ્રી મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર) | મંત્રી |
| ૫. | શ્રી જસ્મીન બિપીન શેઠ | મંત્રી |
| ૬. | શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી | ખજાનચી |
| ૭. | શ્રી હિતેશ રજનીકાંત પરીખ | ખજાનચી |

**(માનદ્ મંત્રીઓ) મંજુલ શૈલેષ ધારીઆ,**
**જસ્મીન બિપીન શેઠ**

## બાલાસિનોર વિદ્યામંડળ ગુજરાત રાજ્ય વોલીબોલ વિજેતા

આપણા કૉલજની વોલીબોલ ટીમ Sports Instructer Prof. Khokhar (ખોખર)ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાત રાજ્યમાં Champion થઈ છે. અને આપણી કોલેજ ટીમના બે ખેલાડીની ગુજરાત રાજ્યની વોલીબોલ ટીમમાં નિમણુંક થઈ છે. અત્યાર સુધી આપણી ટીમ ગ્રામ્ય વિસ્તારની Champion હતી અને શહેરી વિસ્તારની કૉલેજ સામે Semi Final માં હારી જતી પરંતુ આ વર્ષે આપણે નવો Record નોંધાવ્યો. સમગ્ર ટીમ અને Prof. Khokar ને જાહેરમાં જ્યોતિપુંજના માધ્યમ દ્વારા અભિનંદન.

### કોમ્પ્યુટર ના વર્ગ માટે N.S.D.C. (Govt. of India) ની માન્યતા

આવતા વર્ષના સત્રથી આપણને N.S.D.C. (National Skill Development Corp. New, Delhi) Govt. of India Enterprise ની માન્યતા મળી જશે. ભારત સરકારે આ કોર્સના વિદ્યાર્થી દીઠ રૂા. ૭૦૦૦/- ફાળવ્યા છે. તેમાંથી રૂા. ૨,૦૦૦/-નું Stipend વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય ત્યારે તેને આપશે. ભણાવવાના ખર્ચ પેટે આપણને રૂા. ૪,૦૦૦/- વિદ્યાર્થી પેટે મળશે. વિવિધ કોર્સ (PI.T., Retail Sales, Banking etc.) ૧ મહિનાથી ૩ મહિનાના હશે.

### વાર્ષિક સામાન્ય સભા

શુક્રવાર તા. ૬-૯-૨૦૧૩ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ૪૬મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખના પ્રમુખ સ્થાને આપણી આર્ટસ અને કોમર્સ કૉલેજ ખાતે થયું હતું. મુંબઈની ૭ (સાત) કારોબારી સભ્યો તથા ૧ આજીવન સભ્ય એમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસની કોલેજની મુલાકાત દરમિયાન આધ્યાપકો, વિદ્યાર્થીઓ, કર્મચારી વર્ગ સાથે ઘણી મીટિંગો યોજાઈ હતી. આગામી વર્ષ દરમ્યાન

કરવાના કાર્યોની યાદી તૈયાર કરી તેને તબક્કાવાર પાર પાડવાની યોજનાઓનું આયોજન થયું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિર્વસીટી સાથે Information & Technology Dept.ના BCA અને BBA, કોર્સ માટે જોડાણની જરૂરીયાતને ધ્યાનમાં રાખી સર્વાનુમતે મંજુરી લેવાઈ હતી.

કૉલેજમાં Wi fi ની જરૂરીયાત હોવાની નોંધ લેવાઈ અને મંજુરી લેવાઈ હતી.

કૉલેજને Director General Employment & Training, Delhi / Gandhi Nagar તરફથી MES (Modular Employee Scheme) & VAT (Vocational) Traning Provider) ની માન્યતા મળી ગઈ છે.

હાલમાં ૩૦૨૭ વિદ્યાર્થીઓની સંખ્યા છે અને Comuter ના વિવિધ કોર્સને કારણે સંખ્યા ૫૦૦૦ થી વધુની શક્યતા છે.

કૉલેજમાં P.G. ના (MA) આર્ટસના પાંચ વિષયો (હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, ઈતિહાસ અને (M.Com) કોમર્સના એક વિષય (Advenced Accountancy) ના વર્ગો બે વર્ષના અથાગ પ્રયત્નો પછી શરૂ થઈ ગયા છે અને વિદ્યાર્થીઓની સંખ્યા ૪૮૫ની છે.

**અનુકરણીય દાન**

આપણી સંસ્થાને ઈશ્વર કૃપાથી મુરબ્બી શ્રી પ્રવિણભાઈ મુળજીભાઈ ધારીઆ (C.A.) ના હસ્તે એક અતિ ભાવનાશીલ અને સુસંસ્કૃત પરિવાર તરફથી રૂા. ૫૦,૦૦૦/-નું માતબર દાન (નામ ન આપવાની શરતે) શ્રીજી કોમ્પ્યુટર લેબના વિદ્યાર્થીઓના કોમ્પ્યુટરના શિક્ષણ માટે મળ્યું છે.

સંસ્થાના કારોબારી સભ્યો અને કૉલેજના આધ્યાપકો, બિન શિક્ષણ કર્મચારી વર્ગ દાતા પરિવારને જાહેરમાં આભાર વ્યક્ત કરી ઋણ સ્વીકાર કરે છે, અને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

યર્જુવેદનો શ્લોક છે. પાવકા નઃ સરસ્વતી એટલે કે સરસ્વતી અમને પાવન કરે.

**લિ. બાલાસિનોર વિદ્યામંડળ**
**કારોબારી સમિતિ વતી.**

## સમુહ ભોજન

બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનું સમુહ ભોજન તા. ૫-૧-૨૦૧૪ને રવિવારે ૧૨ કલાકે ગુરુદ્વારા સાઈબાબા નગર બોલીવલીમાં રાખ્યું છે. આપ સૌને આમંત્રણ છે.

**હેમેન્દ્ર શાહ : ૯૮૨૦૦૧૧૫૮૬**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# M.H.DHARIA
# BPL T20 2013-14

**With the well wishes of each & every person loving cricket, we have finally managed to get BPL back on track.**
**However this year it will be four owners Playing for the coveted trophy.**
**The trophy donor for this prestigious tournament has been finalized.**
**SHRI MANORAMBEN HASMUKHLAL DHARIA haste SHRI ALPESH DHARIA.**
**It will now be called as M.H.DHARIA BPL T20 TROPHY. We thank SHRI ALPESH DHARIA for his kind gesture, hereby promising that we will leave no stones unturned to make this tournament a grand success.**
**The proud owners finalized are as follows:**

1. **SHRI NITIN KACHERIA(Thassrawala)**
2. **SHRI BHAVIN RAJKUMAR MEHTA & SHRI PRATIK RAJKUMAR MEHTA(Padalwala)**
3. **D.C.C.**
4. **ANONYMOUS SPONSOR whose team name will be APEX WONDER BOYS & will be mentored by SHRI KAMLESH MODY.**

**The matches will be played at CENTRAL RAILWAY CRICKET GROUND, LOWER PAREL on the following dates mentioned below:**

**League matches : 16th Feb 2014, 22ND Feb 2014, 23rd Feb 2014, 1st March 2014, 2nd March 2014, 15th March 2014.**

**Finals: 16th March 2014 AT THE SAME VENUE.**

**Without the support of owners & members of our community this tournament will not be complete.**
**Please make it a point to be there to cheer your teams & players of our community & make this BPL a grand success.**

**Thanking you,**

| | |
|---|---|
| **BHAVEH MODI** | **CHIRAG PARIKH** |
| **Secretary** | **Convenor** |

**Supported by committee members:**
**BPL COMMITTEE MEMBERS ARE AS FOLLOWS:**
**NIRAV DESAI, SANJEEV DHARIA, SAMIR DESAI, RIPAL PARIKH, SAMIR DHARIA, CHIRAG MODI, NILPESH MODI, ALPESH DHARIA & JIGAR KADAKIA.**

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# M.H.DHARIA
# BPL T20 2013-14

**Forms for M.H.DHARIA BPL T20 have to be filled & submitted to any of the below 3 offices.**
**Those interested in playing the tournament have to fill the forms personally, Accepting the rules & regulations which will be handed over to them at the time of accepting the entries.**
**Those born after 01$^{st}$ august 1997 are eligible to fill the forms.**
**The fees for playing the entire tournament is Rs 2500.00 which will comprise of six matches and Finals if you reach.**
**Last date for filling the forms is 30$^{th}$ Nov 2013.**
**Please read the rules & regulations properly before filling the forms.**

1) **SHREE BALASINOR NAVYUVAK SANGH**
   **118/120, ARDESHAR DADI STREET,**
   **2$^{ND}$ FLOOR, V.P.ROAD,**
   **MUMBAI – 400004**

2) **NIRAV DESAI**
   **C/O GLOBUS HOLIDAYS**
   **68/72, BABU GENU ROAD,**
   **MUMBAI – 400002.**
   **MOB : 8108717979.**

3) **ALPESH DHARIA**
   **C/O BHARAT ASBESTOS,**
   **137, NARAYAN DHRUV STREET,**
   **GROUND FLOOR,**
   **MUMBAI – 400003.**
   **MOB : 9833867601.**

**Thanking You,**

| | |
|---|---|
| **Bhavesh Modi** | **Chirag Parikh** |
| **(Secretary)** | **(Convenor)** |

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# SHREE NATVERLAL CHUNILAL MODY
# JANSATHI CRICKET TROPHY 2013-14

This year also we have continued with our sponsorship of teams which play the JANSATHI TROPHY.

The Four team sponsors are as below :

1. Shri Ratilal Chandulal Mehta : R C CERAMICS
2. Shri Nitin Kacharia(Thassarrawala) : KACHARIA GLADIATORS
3. Shri Harshad Gandhi : MANISH CHALLENGERS
4. DCC : DCC TUSKERS

We thank our sponsors for their kind cooperation & gesture.

**BNS Jansathi tournament first match was played on Saturday 19th Oct 2014 at Sachivalaya Ground, Oval Maidan. Being the opening match of the tournament, It was attended by Shree Balasinor Navyuvak Sangh Vice President Shri Saumil Mody, other office bearers.**

SHRI ALPESH DHARIA WELCOMED OUR VICE PRESIDENT SHRI SAUMIL MODY, JOINT SECRETARY SHRI JASMINE SHETH & ALL THE PLAYERS AS WELL AS TEAM SPONSORERS.

SHRI SAUMIL MODY WISHED GOOD LUCK FOR THE TOURNAMENT WHICH WAS FOLLOWED BY FELICITATION OF TEAM SPONSORS.

FIRST MATCH WAS PLAYED BETWEEN DCC TUSKERS LED BY CAPTAIN SHRI RIPAL PARIKH V/S MANISH CHALLENGERS TEAM LED BY CAPTAIN SHRI ROHAN DHARIA.

SHRI RIPAL PARIKHS TEAM BATTED FIRST AND SCORED 205 IN 40 OVERS, BUT SHRI ROHAN DHARIA'S TEAM GOT ALL OUT FOR 193 IN THE LAST OVER, FALLING SHORT BY 13 RUNS.

THIS WAS A GREAT START TO THE TOURNAMENT AS AFTER A LONG TIME IT HAPPENED THAT BOTH THE TEAMS PLAYED THE FULL 40 OVERS.

Thanking You,

**Bhavesh Modi** (Secretary)

**Chirag Parikh** (Convenor)

# બાલાસિનોરની કે. એમ. જી. જનરલ હોસ્પીટલમાં નીચે મુજબના વિવિધ કેમ્પ્સ્ યોજવામાં આવેલ

**૧) શ્રીમતી કોકીલાબેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પઃ**

હોસ્પિટલના બ્લડ સ્ટોરેજ સેન્ટરના લાભાર્થે શ્રી સાંઈ સેવાધામ ટ્રસ્ટ, બાલાસિનોરના સૌજન્યથી લાયન્સ કલબ તથા જેસીસ ઓફ બાલાસિનોરના સહકારથી બ્લડ ડોનેશન કેમ્પ લાયન્સ હોલમાં તા. ૫-૧૦-૧૩ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૦૫ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. આ કેમ્પમાં ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી બ્લડબેંકના સ્ટાફનો સહયોગ મળેલ.

**બાલાસિનોરની કે. એમ. જી. જનરલ હોસ્પીટલમાં વિવિધ વિભાગની**

**તા. ૧-૪-૧૩ થી ૩૦-૯-૧૩ દરમ્યાનની આંકડાકીય માહિતી નીચે મુજબ છે**

૧. કમળાબેન ઓચ્છવલાલ કચેરીઆ સુતિકા વિભાગ - ૪૨૪

૨. ડૉ. મોહનલાલ નાથજીભાઈ ધારીઆ પેથોલોજી વિભાગ - ૧૦૭૩૪

૩. શ્રી ગોકુલનાથજી મંદિર રજત જયંતિ ઉત્સવ હિમોગ્લોબીન વિભાગ - ૬૧૪૭

૪. સ્મીતાબેન કંચનલાલ છોટાલાલ ગાંધી બ્લડ બાયોકેમેસ્ટ્રી વિભાગ - ૧૩૩૬૩

૫. બાલાસિનોર નાગરિક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગ - ૨૫૬૩

૬. રમણલાલ જેઠાલાલ કચેરીઆ સ્કીન વિભાગ - ૧૪૧૧

૭. મોહનભાઈ લલ્લુભાઈ કડકીઆ (મરઘા) સોનોગ્રાફી વિભાગ - ૧૭૪૧

૮. સર્જીકલ મેજર અને માઈનોર ઓપરેશન્સ્ - ૯૬

૯. ગાયનેક મેજર અને માઈનોર ઓપરેશન્સ્ - ૧૭૪

૧૦. નેત્ર ઓપરેશન્સ્ (ફેકો મશીનથી વિના મૂલ્યે) - ૪૮૭

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા દાનઃ**

૧. શ્રી બાબુલાલ ચંદુલાલ શાહ રૂા. ૨,૫૧,૦૦૦/-

૨. દિપ્તી પરાગ પરીખ રૂા. ૬૨,૦૦૦/- (બે પલંગના)

૩. ઈશા નિતીન પરીખ રૂા. ૩૧,૦૦૦/- (એક પલંગના)

ઉપરોક્ત નોંધાવેલ દાન બદલ સર્વ દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

**શ્રી રાજેન્દ્ર દેસાઈ**<br>**શ્રી નિતિન પરીખ**<br>**માનદ્ મંત્રીશ્રીઓ**

(૧) ચૂંટાયેલા ફૂલોથી શોભતા
ફલાવરવાઝ નથી અમે
નાની, આછી અમથી કવિતા
અમારા અસ્તિત્વમાંથી ઉગી છે.

(૨) હવા તો ફુલોની સુગંધથી ભારે છે
ખીલીને ખાલી - તન્હા
કેવળ ફૂલ થવું છે.

(૩) ગહેરી ઉદાસીમાં જખ્મો
અમાવસ્યાની રાતે ચમકતા
તારાની જેમ ચમક્યા

(૪) હસો છો ત્યારે જ જીંદગી છે
એવું થોડું છે ?
ક્ષણ વ્યથા અને વેદનાનાં
ખૂબ જ મોંઘા હોય છે.

(૫) ખુશી હોય તો સ્વર્ગ,
ગમ હોય તે, નર્ક,
હૃદય ક્યાં જુદા જુદા છે
જુદાજુદા અહેસાસો માટે

(૬) જ્યારે જ્યારે કવિતા લખું
ત્યારે એવું લાગે,
આત્મજાને શણગારી
સાસરે વળાવી.

(૭) શરીરમાં આત્માને
શોધી ન શક્યા અને
પરમાત્માની વાતો કરતા થઈ ગયા

(૮) તારા ગુણગાન કરતી કવિતા લખાવી
મારા હૃદયને પટાવે છે તું
હવે એવું નહીં ચાલે
પ્રભુ હવે તું, તારી કવિતા, નહીં ચાલે.

(૯) પવનમાં ડોલતાં ઘાસનાં તણખલાને
ફુલની પાંદડીઓને,
ઝાડનાં પાન -પાનને
રોજ ઓસની બુંદો
સ્નાન કરાવે છે

(૧૦) "Space"માંથી અવતરણ થાય છે
પણ ....
હૃદયમાં "Space" જોઈએ ને !!!

(૧૧) એકલાં તાટ જેવા અસ્તિત્વ ઉપર
લોકોની નજર એટલી ક્યારેય નહોતી પડી,
જેટલી,
કથા, વાર્તા, કવિતા, ભજન દર્શનનાં
મખમલી પંબદ લગાવ્યા પછી પડી.

(૧૨) હૃદયમાં મારા અહેસાસો જકડાઈ
જાય તે પહેલા
ચાલ, સારી સારી થોડી કવિતાઓ લખી લઉં.

**- વંદના ધારીઆ**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**

### શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત સેનેટોરિયમ

## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ ભીખાલાલ પરીખ (બખલી)
## શ્રી કોદરલાલ મગનલાલ મોદી (કાપડીયા) ચેરીટેબલ ટ્રસ્ટ
## શ્રીમતી ચંદનબેન મણીલાલ લાલચંદ દોશી
## શ્રીમતી કમળાબેન મણીલાલ પરીખ તથા મણીલાલ ગોરધનદાસ પરીખ (દાઢીવાળા)

**કાર્યાલય : ૪૫/૪૯, બાબુગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ, ૧લે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનન નં: ૨૨૦૫૩૪૭૬**

**તા. ૧-૧૨-૨૦૧૩ થી અમલમાં આવતા નિયમો**

૧. આ સેનેટોરિયમના લાભ બાલાસિનોરના દશાનીમા વણિક જ્ઞાતિજનોને મળી શકશે.

૨. કોઈપણ જાતના દીવાનાપણાથી અથવા પ્લેગ, ક્ષય, શીતળા, વગેરે કોઈ ઉડતા અથવા ચેપી રોગથી પીડાતા તથા એવા બીજા રોગ કે જેથી સેનેટોરિયમમાં રહેનાર બીજી વ્યક્તિઓને કોઈપણ જાતની શારીરિક અથવા માનસિક હાની થવાનો સંભવ રહે તેવા દર્દીઓને આ સેનેટોરિયમનો લાભ આપવામાં આવશે નહિ.

૩. આ સેનોટોરિયમમાં રહેવા જવાની ઈચ્છા રાખનાર કુટુંબના વડાએ સમાજ સંચાલિત સેનોટેરિયમના મુકરર કરેલ અરજી પત્રક પર ટ્રસ્ટીઓને અરજી કરવી પડશે.

૪. આ સેનેટોરિયમનો લાભ લેવા અરજી કરનારાઓમાંથી કોને જગ્યા આપવી કે ન આપવી તે નક્કી કરવાનો હક્ક ટ્રસ્ટીઓને રહેશે તથા કંઈપણ કારણ દર્શાવ્યા વગર કોઈપણ અરજી નામંજૂર કરવાનો હક્ક પણ ટ્રસ્ટીઓને રહેશે.

૫. અનામત રાખવાની રકમ તથા દરેક બ્લોકના સાફસૂફના લવાજમના, ઈલેકટ્રીક તથા ગેસના ખર્ચની વિગતો આ સાથે જુદા પત્રમાં આપેલ છે તે પ્રમાણે આપવા પડશે.

૬. આ સેનેટોરિયમમાં રહેવાની ટ્રસ્ટીઓ તરફથી મંજૂરી મળેથી અનામતના સાફસૂફના લવાજમના, વીજળી તેમ જ ગેસના ખર્ચની રકમ પ્રથમથી જ લઈ રજાચીઠ્ઠી કરી આપવામાં આવશે. દરેક વ્યક્તિને અથવા કુટુંબને તેમને આપેલા બ્લોકમાંના સઘળા ફર્નીચર તથા બીજા સામાન વગેરેની તેમની પાવતી લઈને તે બ્લોક વાપરવા આપવામાં આવશે. રહેવા જનારને સેનેટોરિયમમાંથી ખાલી કરી જતી વખતે, મજકુર અનામતની રકમ, સર્વ સરસામાન જેવી હાલતમાં લીધો હોય તેવી જ હાલતમાં સેનેટોરિયમના સંચાલકને પાછો સોંપ્યો છે તેવી પહોંચ લાવ્યેથી પાછી આપવામાં આવશે. પરંતુ ફર્નીચર વગેરે કોઈપણ સામાનને અથવા સેનેટોરિયમના કોઈપણ ભાગને કોઈપણ નુકશાન અથવા બગાડ થયો હશે અથવા કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હશે તો તેની કિંમતની પૂરેપૂરી રકમ મજકુર અનામતની રકમમાંથી (તેની નુકશાનીની રકમ) વસૂલ કરવામાં આવશે.

૭. આ સેનેટોરિયમમાં રહેવાની રજાચિઠ્ઠી મેળવનાર રજા ચિઠ્ઠીની તારીખથી સાત દિવસની અંદર રહેવા જશે નહી તો તે રજાચિઠ્ઠી રદ ગણાશે. અને તેને આપેલી જગ્યા બીજી વ્યક્તિ યા કુટુંબને આપી દેવામાં આવશે. અને તેણે ભરેલી લવાજમની રકમ પાછી આપવામાં

આવશે નહીં. જો તે વ્યક્તિ અથવા કુટુંબ મળેલી મુદતની અંદર ખાલી કરી જશે તો પણ તેને લવાજમની રકમ પાછી માંગવાનો હક્ક રહેશે નહીં.

૮. આ સેનેટોરિયમમાં રહેવા માટે વધુમાં વધુ પ્રથમ ત્રણ માસની રજાચિઠ્ઠી આપવામાં આવશે. જો તે મુદત પૂરી થયા બાદ આ સેનેટોરિયમનો લાભ લેનાર વ્યક્તિ અથવા કુટુંબ પોતાને/તેઓને વધારે દિવસ રહેવાની જરૂર છે એમ ટ્રસ્ટીઓને ખાતરી કરી આપશે અને જો તે વખતે જે બ્લોકમાં તે વ્યક્તિ અથવા કુટુંબ રહેતુ હશે તે બ્લોક બીજા કોઈને આપવામાં આવ્યો નહી હોય અને મજકુર વ્યક્તિ અથવા કુટુંબે તેમના આગલા વપરાસ દરમ્યાન આમાંના કોઈપણ નિયમોનું ઉલ્લંઘન નહી કર્યું હોય અથવા કંઈ નુકશાની નહી કરી હોય તો વધુમાં વધુ બીજા ત્રણ માસની રજાચિઠ્ઠી માટેની અરજી આગળની મુદત પૂરી થવાના ઓછામાં ઓછા સાત દિવસ આગળથી કરવી પડશે. કોઈપણ વ્યક્તિ અથવા કુટુંબને ત્રણ માસથી વધારે રહેવાની રજા કોઈપણ સંજોગોમાં મળી શકશે નહી અને તેમને મળેલી મુદત પૂરી થયેથી સેનેટોરિયમમાંની તેમની જગા ખાલી કરાવવાની ટ્રસ્ટીઓને પૂરતી સત્તા રહેશે. મુદત પૂરી થયેથી તે વ્યક્તિએ યા કુટુંબના સભ્યોએ જગ્યાનો કબજો વીના તકરારે ટ્રસ્ટીઓને સોંપી દેવો પડશે. આ પ્રમાણે જે વ્યક્તિ યા કુટુંબના સભ્યો વર્તવાને નિષ્ફળ નીવડશે તેને એક ટ્રેસપાસર અથવા ખોટી રીતે જગ્યાનો કબજો અટકાયમાં રાખનાર તરીકે ગણીને તેને અથવા તેના કુટુંબના સભ્યોને ચોવીસ કલાકમાં ખાલી કરવાની લેખીત નોટીસ આપ્યા પછી સદરહુ જગ્યામાં રહેનારના અંગત સામાનનું પંચનામું કરીને અથવા તો તાળું મારેલું હશે તો તે તાળું તોડીને પણ પંચનામું કરીને જગ્યાનો કબજો લેવામાં આવશે અને પંચનામાવાળો સામાન અનામત તરીકે ટ્રસ્ટીઓ પોતાના કબજામાં રાખશે.

૯. સેનેટોરિયમનો લાભ લેનાર અરજદાર પાસેથી ડીપોઝીટ રકમ આ સાથે જણાવેલ પત્ર મુજબ લેવામાં આવે છે. આપેલી મુદતે જો આપવામાં આવેલો બ્લોક અરજદાર ખાલી નહીં કરી જાય તો નિયમ (૮) મુજબ લેવાના પગલાનો હક્ક અનામત રાખીને મુદત પૂરી થયા પછીના પ્રત્યેક દિવસના રૂા. ૫૦૦/- અંકે રૂપિયા પાસચો પૂરા દંડ તરીકે લેવામાં આવશે. અને તે રકમ અરજદારે ભરેલી અનામતની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

૧૦. જો કોઈપણ વ્યક્તિ બીજા નામે રજાચિઠ્ઠી મેળવી આ સેનેટોરિયમનો લાભ લે છે એમ ટ્રસ્ટીઓને ખબર પડશે તો તે વ્યક્તિ તથા તેની સાથે રહેનાર બીજા માણસોને સેનેટોરિયમમાંથી તરત ખાલી કરાવવામાં આવશે અને તેણે ભરેલી લવાજમની તથા અનામતની રકમ પાછી લેવાનો હક્ક રહેશે નહીં.

૧૧. આ સેનેટોરિયમના દરેક બ્લોકમાં બત્તીઓ, પંખાઓ, ગીઝર તથા વીજળીના વપરાશ માટે પ્લગ રાખવામાં આવ્યા છે. વીજળી શક્તિનો ઉપયોગ સંભાળપૂર્વક બને તેટલો ઓછો કરવો. એ પ્લગનો ઉપયોગ રેડીઓ, ટેપરેકોર્ડર, ટેલીવીઝન અથવા રેડીઓગ્રામ ચલાવવા માટે કરવામાં આવે તો તે એટલા ધીમા અવાજે થવો જોઈએ કે બાજુના કોઈપણ બ્લોકમાં રહેનારને

તેનાથી અગવડ થવી ન જોઈએ. અને તે સંબંધી જો કોઈપણ બ્લોકવાળાની ફરિયાદ આવશે તો જે રેડીઓ અથવા એવા બીજા કોઈ સાધનોનો ઉપયોગ કરતા હશે તેમને બંધ કરાવવાની ફરજ પાડવામાં આવશે.

૧૨. આ સેનેટોરિયમમાં રહેનાર વ્યક્તિ અથવા કુટુંબ ટ્રસ્ટીઓની અથવા સેનેટોરિયમના સંચાલકની પરવાનગી વગર જો તેને આપેલો બ્લોક બંધ કરી સાત દિવસથી વધુ વખત માટે બહાર જશે તો તેના બ્લોકનું તાળુ તોડીને મજકુર બ્લોકનો કબજો પોતાના હસ્તક લેવાની સઘળી સત્તા ટ્રસ્ટીઓને રહેશે અને સેનેટોરિયમમાં પાછા રહેવા માટે નવી રજા ચિઠ્ઠી તે વ્યક્તિ અથવા કુટુંબને લેવી પડશે.

૧૩. સેનોટોરિયમના બ્લોકમાં જે અરજી કરનાર આગળ બાર મહિના પહેલાં એટલે જે તારીખે અરજી કરનાર રહીને ખાલી કરી ગયો હોય તે અરજી કરનાર વ્યક્તિને ખાલી કર્યાની તારીખથી માસ બાર પછી જ સેનેટોરિયમનો લાભ મળી શકશે. જો તે વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિની સાથે સેનેટોરિયમમાં રહેવા આવશે તો અગાઉ રહી જનાર વ્યક્તિને તથા અરજી કરનાર વ્યક્તિને પણ વગર નોટીસે ખાલી કરાવવામાં આવશે. અને તેણે ભરેલી લવાજમની તથા અનામતની રકમ પાછી આપવામાં આવશે નહી.

૧૪. આ સેનેટોરિયમમાં લાભ લેનારાઓએ પોતાની રજા ચિઠ્ઠીની મુદત પૂરી થાય તે જ દિવસે પોતાનો બ્લોક ખાલી કરી તે બ્લોકનો સઘળો સામાન સાફસૂફ કરી જેવી સ્વચ્છ સ્થિતિમાં તમને સોંપવામાં આવ્યો હતો તેવી સ્વચ્છ સ્થિતિમાં સેનેટોરિયમના સંચાલકોને સોપી દેવો.

૧૫. આ સેનેટોરિયમમાં રહેનારા દરેક કુટુંબે રસોઈ સારૂ રસોઈની ઓરડીમાં પ્લેટફોર્મ બાંધેલ છે તેના ઉપર જ રસોઈ કરવી પડશે. રસોઈ બનાવવા માટે કોલસાનો, ઘાસલેટનો અથવા ગેસનો ઉપયોગ કરી શકાશે તથા પોતાની વપરાશની ઓરડીઓનો તથા તેની સામેની આગલી તથા પાછલી ગેલરીનો બધો કચરો સાફ કરીને કચરો એકઠો કરવાની જે જગ્યા હોય ત્યાં જ નાખવો જોઈએ. દાદરના ગાળાઓમાં, મકાનના કમ્પાઉન્ડમાં અથવા સેનેટોરિયમના કોઈપણ ભાગમાં કોઈપણ જાતનો કચરો અથવા ગંદવાડ, એઠવાડ, શાકભાજી, ખાવાની વસ્તુઓ વગેરે નાખવા દેવામાં આવશે નહી.

૧૬. આ સેનેટોરિયમમાં રહેનારાઓને તેમની આગલી યા પાછલી ગલેરીમાં મોઢું ધોવા યા દાતણ કરવા દેવામાં આવશે નહી. તેમજ બીન શાકાહારી ખાવાપીવાની વસ્તુઓ અથવા જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સેનેટોરિયમમાં લાવવા અથવા રાખવા દેવામાં આવશે નહીં અને આ નિયમનો દુરઉપયોગ કરતા માલમ પડશે તો તેઓને સેનેટોરિયમમાં આપેલ બ્લોક એકદમ ખાલી કરી જવાની ફરજ પાડવામાં આવશે.

૧૭. આ સેનેટોરિયમમાં રાતના અગિયાર વાગ્યા પછી ગાવા અથવા વગાડવા દેવામાં આવશે નહી. તેમ જ બીજા રહીશોને હરકત કરે એવી જાતના કોઈપણ મોટા અવાજો અથવા ઘોંગાટ અથવા બીજા કોઈપણ કામ કરવા દેવામાં આવશે નહી. અને સર્વે રહેનારાઓને કોઈપણ જાતની અડચણ અથવા દુઃખન થાય એવી શાંત રીતે વર્તવું અને તોફાન મસ્તી કરવા નહી.

૧૮. આ સેનેટોરિયમમાં કોઈપણ જાતના સામાજીક

પ્રસંગો તથા મીજબાની કરતાં પહેલા સંચાલકોની મંજુરી લેવી જરૂરી રહેશે.

૧૯. આ સેનેટોરિયમમાં રહેનારાઓએ બીજા બ્લોકમાં તેની અંદર રહેનારાઓની રજા વગર જવું નહીં.

૨૦. ગેલેરીમાં અથવા દાદરના ગાળાઓમાં એંઠવાડ અથવા ગંધાઈ ઉઠે તેવી ચીજો રાખવા દેવામાં આવશે નહી તથા ગેલેરીમાં કોઈપણ જાતનો સામાન પથારી વગેરે રાખવા દેવામાં આવશે નહી, તથા દાદરના ગાળાઓમાં કોઈપણ બ્લોકમાં રહેનારાઓને પોતાનો સામાન રાખવા દેવામાં આવશે નહી.

૨૧. બચ્ચાંઓનું મેલું તેમ જ ગંદવાડ મુકરર કરેલી જગ્યાએ જઈ નાખી આવવું. કોઈપણ કારણસર સરિયામ રસ્તા પર યા કમ્પાઉન્ડમાં નાખવું નહીં.

૨૨. આ સેનેટોરિયમના ટ્રસ્ટીઓ તેમ જ ટ્રસ્ટીઓએ રાખેલ માણસોને જરૂરી તપાસ અંગે અથવા જરૂરી કામ માટે દરેક બ્લોકમાં દાખલ થવાનો હક્ક રહેશે અને સેનેટોરિયમની જગ્યા વાપરવાવાળા નિયમ પ્રમાણે વાપરે છે કે નહિં તે સર્વે તપાસ કરવાની તથા તે પ્રમાણે અમલ કરાવવાની સત્તા, ઓફીસ બેરર, કન્વીનર તથા તેઓએ રાખેલ સંચાલક, કારભારી માણસોને રહેશે.

૨૩. સેનેટોરિયમમાં જગ્યાનો કબજો સવારે ૯ થી ૧ અને બપોરે ૩ થી ૫ વાગ્યા સુધી જ લેવા તથા આપવામાં આવશે.

૨૪. આ સેનેટોરિયમમાં રહેવા આવનારાઓને કોઈપણ જાતની અગવડો હોય અથવા કઈપણ ફરિયાદ કરવી હોય અથવા સુચન કરવા હોય તો તે ફરિયાદ તે સંસ્થાની ઓફીસમાં અથવા ટ્રસ્ટીઓને લેખીત ફરિયાદ કરવી.

૨૫. યોગીનગરના આ બિલ્ડીગની હાઉસીંગ સોસાયટીએ ઘડેલા નિયમો પણ બંધનકર્તા રહેશે અને તેનું પાલન સંપૂર્ણ રીતે કરવું પડશે.

૨૬. ઉપરના નિયમોનું જે કોઈ વ્યક્તિ અથવા કુટુંબ ઉલ્લંઘન કરશે અથવા ટંટો ફીસાદ કરતા માલમ પડશે તો તેમને તુરંત વગર નોટીસે ખાલી કરાવવાનો હક્ક ટ્રસ્ટીઓને રહેશે.

૨૭. ઉપરના નિયમોમાંથી કોઈપણ રદ કરવાનો અથવા સુધારો યા વધારો કરવાનો સર્વે હક્કો ટ્રસ્ટીઓને રહેશે. તથા તે પ્રમાણે કરેલા નિયમો સેનેટોરિયમનો લાભ લેનાર દરેક વ્યક્તિ અથવા કુટુંબને બંધનકર્તા રહેશે.

૨૮. ટ્રસ્ટીઓએ ઘડેલા નિયમો બાબતમાં અથવા તદનુસાર લીધેલા પગલાંઓ અંગે જો કોઈ વ્યક્તિ પોલીસ કેસ તેમ જ કાયદાકાનુનનો આશરો લેશે અથવા કોઈપણ જાતની નુકશાની બદલ દાવો કરશે તો તે બદલ ટ્રસ્ટીઓ જવાબદાર તથા જોખમદાર રહેશે નહી.

૨૯. સેનેટોરિયમમાં રહેનારા વ્યક્તિ/વ્યક્તિઓ પોતાની જવાબદારીથી રહેવા જઈ શકશે. સમાજની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.

૩૦. શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની કાર્યવાહક સમિતિના સભ્યો આ સેનેટોરિયમના ટ્રસ્ટીઓ ગણાશે.

૩૧. આ સેનેટોરિયમમાં રહેવા ત્રણ માસની પરવાનગી આપવામાં આવશે મુદત પુરી થવાના એક માસ પહેલાં વધુત્રણ માસ માટે રહેવા માટેની અરજી કરી શકશે. સેનેટોરિયમ ખાલી હશે તો વધુ રહેવાની મંજુરી મળશે. વધુમાં વધુ બે વખત વધારાની મુદતમાં રહેવા મળશે અને

આ વપરાશ માટે ભાડુ રૂા. ૫૦ પ્રતિદીનના હિસાબે પહેલા લેવામાં આવશે.

૩૨. જે વ્યક્તિઓનું મકાન રીડેવલોપમેન્ટમાં એટલે કે બીલ્ડર તોડીને નવું બનાવતા હશે તેમને ૧૮ માસ માટે રહેવાની પરવાનગી આપવામાં આવશે. પણ દર ત્રણ માસે ફરીથી પરમીશન લેવી પડશે. અને તેની અરજી પહેલાથી કરવી પડશે અને તે માટે તેમને રૂા. ૧૧,૦૦૦/- ભાડાના દર માસે આપવાના રહેશે. પારશીવાળા તથા મંગલવાડી ૧૩,૦૦૦/- આ નિયમ ૧-૧૨-૨૦૧૩ થી લાગુ પડશે.

૩૩. જે વ્યક્તિ આ સેનેટોરિયમનો લાભ લેશે તેને પોલીસ કલીયરન્સ સર્ટીફીકેટ લાવવાની જવાબદારી પોતાની રહેશે. (કાર્યવાહી કરવી પડશે).

૩૪. જે વ્યક્તિ સેનેટોરિયમનો લાભ લેશે તેને ત્રણ માસનું ભાડું એડવાન્સ આપવું પડશે તથા ઈલેકટ્રીક બીલ માટેની ડીપોઝીટ પેટે રૂા. ૧,૦૦૦/- પ્રતિમાસની આપવી પડશે.

૩૫. જે વ્યક્તિ આ સેનેટોરિયમનો લાભ લેશે તેને એક વખતના રૂા. ૧૦,૦૦૦/- ડિપોઝિટ આપવી પડશે જે તમો જ્યારે ખાલી કરશો ત્યારે વગર વ્યાજે પાછા આપવામાં આવશે.

૩૬. જે વ્યક્તિને એ.સી.નો લાભ લેવો હોય તેને ૩,૦૦૦/- આપવાના રહેશે.

**નોંધઃ** જે વ્યક્તિ અત્યારે આ સેનેટોરિયમનો લાભ લઈ રહ્યા છે તેમને નવું રીન્યુઅલ કરશે ત્યારે નવા નિતી નિયમ લાગુ પડશે.

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત - સેનેટોરિયમ**

**પ્રમુખ : નિમિષ કડકીયા (મલમ)**

**કન્વીનર : મિનીષ કડકીઆ (લટકારી)**

# પ્રકીર્ણ વિભાગ

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| મંગલદાસ ચીમનલાલ મોદી | ૮૨ |
| પ્રમીલાબેન ચંદ્રકાંત શાહ | ૭૩ |
| વિનોદચંદ્ર રમણલાલ મોદી (દેવવાળા) | ૬૭ |
| શકુંતલાબેન જસવંતલાલ પરીખ | ૬૯ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

## શુભ લગ્ન

અર્પિત અક્ષય શાહ

નીધી નીતીન ગાંધી

## નવા સરનામાં

**Parimal K. Doshi**
22, Ahilya,
Pilot Bunder, Coloba
Mumbai - 400005



**મંગલદાસ ચીમનલાલ મોદી**
ઉંમર વર્ષ - ૮૨
શ્રીજીચરણ :
તા. ૨૪-૧૦-૧૩
નેત્રદાન અને
ત્વચાદાન કરેલ છે.

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

## સુધારો

સપ્ટેમ્બરમહિનાના પાના ૨૨ પર શ્રી બાલાસિનોર નવયુવક સંઘની મેડીકલેઈમ યોજનામા સંયોજક : નીલેશ નવનીતલાલ દેસાઈને જગ્યાએ નીલેશ નવનીતલાલ શાહ વાંચવું